માર્ચ-૨૦૨૪

અંક – ૫૭

# અરુણોદય


સંપાદકીય બોર્ડ

- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા




અનુક્રમણિકા


- બોર્ડ પરીક્ષા ગીત
- દેવાધિ દેવ મહાદેવ
- દીવો કેવો ઝળહળે !
- પિતા તરીકેની ઉચ્ચ ભૂમિકા
- ગર્ભથી ગીતા સુધીઃ સુશીલ સમાજનું નિર્માણ
- विज्ञान दिवस कविता
- સ્વામી વિવેકાનંદના કેળવણી વિષયક વિચારો
- National Science Day SLOGAN
- શાળાની પ્રવૃત્તિઓ



ડિઝાઈનઃ– એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ''અરૂણોદય'' માર્ચ-૨૦૨૪ , અંક-૫૭ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઇપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી



# બોર્ડ પરીક્ષા ગીત



બી.પી. દવે
માધ્યમિક શિક્ષક

દિમાગ ઠીકાને રખના તૈયારી પૂરી કરના
લે ને કો તેરી **Exam** આયેંગે બોર્ડ વાલે....... ઓહો......
કાપલી છિપાકે રખના ચહેરા ઝુકા કે રખના
છક્કે છુડાને તેરે આયેંગે સ્કોડ વાલે ...... ઓહો.....
ગર હે પૂરા એટેન્શન તો કાહેકા હે ટેન્શન
ઘબરાના ના તુ પ્યારે ખુદ પેં ભરોસા રખના...... ઓહો.....
અપને સર કી બાત અપને દીમાગ મે રખના
હો જાયેગા બેડા પાર ઈતના તુ યાદ રખના..... ઓહો....
આયે હે દુનિયા મેં તો જીના શર ઉઠાકે
હો ગયે **Exam** મેં **Fail** તો **life** મે **Fail** ના હોના...... ઓહો.......



# દેવાધિ દેવ મહાદેવ



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

આપણે ત્યાં લોકવાયકા છે કે ભોળાઓનો ભગવાન એટલે ભોલેનાથ. શિવ સૌ જીવોનો ઉધ્ધારક છે. શિવનો અર્થ જ થાય છે કે કલ્યાણ. જે હંમેશા સૌનું કલ્યાણ ઈચ્છે તેવા શિવને પામવા લોકો સતત આરાધના કરી જીવનને ધન્ય બનાવવાનું ધ્યેય રાખે છે.

જીવનનું કલ્યાણ સાધવા માટે જીવનને એક ચોક્કસ ઊંચાઈએ લઈ જવું પડે. જે વાત ઉચ્ચ શિખર પર બિરાજમાન એવા શિવ આપણને સમજાવે છે. તમામ દેવોના દેવ મહાદેવ નો એટલો જ મહિમા છે. ચપટી ભભૂતિ કે ભસ્મ આપનારાઓ 'બેટા તેરા કલ્યાણ હો જાયેગા' એવું બોલનારા લોકોથી જીવનનું કલ્યાણ ન થાય .

બીજા બધા દેવી દેવતાઓની જન્મ કથાઓ પ્રચલિત છે. પરંતુ મહાદેવ તો અજન્મા છે. સૃષ્ટિના આદિ થી અંત સુધી બિરાજમાન હશે. હિંદુ લોકો શિવના મહાન ઉપાસકો છે. ભગવાન શિવ સૃષ્ટિના સંહારક મનાય છે. જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે શિવ પોતાનું આ કતૃત્વ નિભાવે છે. સાથો સાથ શિવ પરોપકારી પણ છે. પાણી , દૂધ , દહીં થી અને બિલિપત્ર થી તેમના શિવલિંગ પર થતો અભિષેક તેમને પ્રસન્ન કરે છે.

સમુદ્ર મંથન માંથી જે રત્નો અને અમૃત મળ્યાં તે બધાએ લીધા પરંતુ વિષને ફક્ત મહાદેવે પોતના કંઠમાં ધારણ કર્યું તેથી તેઓ નીલકંઠ કહેવાયા. કારણ આ વિષ જો પૃથ્વી પર ઢોળાય તો પ્રલય થાય. વળી જગતના દોષોને પણ પોતાના ગળામાં સમાવ્યા. જરૂર પડે ત્યારે શિવજી ત્રિલોચન દ્વારા જગતને પોતાનું સંહારક રૂપ પણ બતાવે છે.

નજીકમાં આવતો મહાવદ ચૌદશનો દિવસ એટલે મહાશિવરાત્રી. જે ઉત્સવ હિંદુ ધર્મના લોકો ઉલ્લાસથી ઊજવે છે. પારધિના જીવનનું હદય પરિવર્તનથી આપણા જેવા બે પગવાળા માનવને ઘણું બધું શીખવી જાય છે. માનવમાં શિવત્વ પ્રગટ કરાવે છે.

જેમનો શણગાર ભભૂતિ, ખોપરીઓની માળા ,હાથમાં ડાક – ડમરુ , ગળામાં સર્પ , મસ્તક પર ચંદ્ર , નંદી , કાચબો આ બધા આપણને અલૌકિક લાગે છે. કાચબા જેવી ધીમી પણ સતત મક્કમ ગતિ , આપણને જરૂર શિવ સુધી પહોચાડી શકશે. માનવ માત્રનું કલ્યાણ દેવાધિદેવ મહાદેવ કરે તેવી શુભકામના અને શુભભાવના.

# દીવો કેવો ઝળહળે !



**હરિસિંહ સોઢા**
અન્ડર સેક્રેટરી,
નર્મદા, જળ સંસાધન,
પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય-ગાંધીનગર
(ભૂતપૂર્વ વિદ્યાર્થી)

દીવો કેવો ઝળહળે ,
મારી શ્રદ્ધાનો સૂરજ હરપળે !
નિરાશાના ઘનઘોર વાદળોમાં,
આશનું અમ્રૃત ખળખળે,
દીવો કેવો ઝળહળે !
દુ:ખના પથરાળ ડુંગરોમાં,
સુખના કંકડ ખણખણે,
દીવો કેવો ઝળહળે !
દ્વેષના કાળઝાળ દાવાનળોમાં,
સોહાર્દનું શરબત શ્રીફળે,
દીવો કેવો ઝળહળે !
દ્વિધાના વિકરાળ વંટોળોમાં,
નિર્ભય પંખી ફળફળે,
દીવો કેવો ઝળહળે !
અજ્ઞાનનાં અનહદ અંધારામાં,
સર્વજ્ઞ આગિયો ઝળઝળે,
દીવો કેવો ઝળહળે !
દીવો કેવો ઝળહળે ,
મારી શ્રદ્ધાનો સૂરજ હરપળે !



# પિતા તરીકેની ઉચ્ચ ભૂમિકા



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક


અમેરિકાના 46માં રાષ્ટ્ર પ્રમુખ તરીકે જેઓ વિખ્યાત બન્યા હતા તેવા અબ્રાહમ લિંકન ને સૌ જાણે છે. વિશ્વ સહિતના બધા દશોમાં પોતાની અમીર છાપ છોડનાર અબ્રાહમ લિકંન નું જીવન એટલું સરળ ન હતું. ઘોર ગરીબાઇ અને અભાવમાં જન્મેલા અબ્રાહમ માટે પ્રત્યેક ક્ષણ પડકારરૂપ હતી. છતાં મુશ્કેલીથી હારે એ બીજા, અબ્રાહમ નહિ. સતત આઠ વખત ચૂંટણી હારી છતાં પણ તેમણે આશા ન ગુમાવી અને ફરી વખત મહેનત કરી ચૂંટણી જીતી અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ બનવાનું પોતાનું સ્વપ્ન સિધ્ધ કર્યું. તેવા અબ્રાહમએ પુત્રને માટે શિક્ષકને લખેલો પત્ર કે જે ઐતિહાસિક દસ્તાવેજ ગણાય છે તે ખરેખર હૃદયસ્પર્શી છે.

પુત્રના શિક્ષકને આદરથી લખેલા પત્રમાં તેમણે જણાવ્યુ છે કે જીવન એક સંગ્રામ છે . ક્ષણે ક્ષણે મુશ્કેલીઓ છે ત્યારે એ ક્ષણમાં શ્રધ્ધા , પ્રેમ અને હિંમતની જરૂર પડતી હોય છે તો તેનામાં આ વસ્તુઓ નિર્માણ કરજો. વળી , ક્યાંકથી મળેલા પાંચ રૂપિયા કરતાં પોતે કમાયેલા એક રૂપિયાની કિંમત ઘણી વધુ હોય છે તે એને શીખવજો. ઈર્ષ્યાના વમળ માંથી બહાર ખેચજો. પુસ્તકોની અદ્‌ભૂત દુનિયાના દર્શન કરાવજો. છેતરપિડીં કરવા કરતાં નિષ્ફળ જવું ગૌરવભર્યુ છે. તે શીખવજો ઉપરાંત વાયરા સાથે જ્યારે બધા બદલાઇ જાય છે ત્યારે ટોળાશાહીમાં ભળી જવાને બદલે પોતાના માર્ગે ચાલવાનું બળ મારા પુત્રમાં નિર્માણ કરજો. દયાળુ સાથે નમ્રતાથી અને ખરાબ લોકો સાથે સખતાઇથી વર્તવાનું શીખવજો.

એક રાષ્ટ્ર પ્રમુખ તરીકે અબ્રાહમ લિંકનએ શિક્ષકને કરેલી આ નમ્ર ભાવે ભલામણો આપણને ઘણું બધું શીખવી જાય છે. રાષ્ટ્ર પ્રમુખ તરીકે એમનો આ રૂઆબ નહિં પણ તેમની નમ્રતાના આપણને દર્શન થાય છે.

ઘણી વખત ઊંચો હોદ્દો ધરાવતાં વ્યક્તિઓનાં વર્તનમાં આપણને એટલી ઊચી નમ્રતા દેખાતી નથી હોતી. પદને ધ્યાનમાં રાખીને તેઓ બીજા સાથે સખતાઇથી વર્તતા હોય છે જ્યારે અબ્રાહમ એ પોતાના પદનો ઉપયોગ કર્યા વગર એક નમ્ર પિતાની છાપ શિક્ષક સમક્ષ ઊભી કરી છે જે ખરેખર વંદનીય છે. શિક્ષકને ઉચ્ચ ભૂમિકા પર અબ્રાહમ લિંકનએ મૂકીને શિક્ષકના દરજ્જાને પણ ગૌરવાન્વિત કર્યો છે. સલામ છે આવા રાષ્ટ્ર પ્રમુખ તેમજ આદર્શ પિતા એવા અબ્રાહમ લિંકનને.

# ગર્ભથી ગીતા સુધી: સુશીલ સમાજનું નિર્માણ



**Puneet Singh**
Overman,
Umarsar Lignite Project

"शरीरं कर्म क्षित्रम् अहं बुद्धिः सत्त्वम् इति चेतना ।" - ગીતા, અધ્યાય 13, શ્લોક 2

શરીર એ કર્મનું ક્ષેત્ર છે, હું (આત્મા) એ જ્ઞાન છું, અને બુદ્ધિ એ ચેતના છે. આ શબ્દો ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા મહાભારતના અમર યુદ્ધ દરમિયાન અર્જુનને ઉપદેશ આપેલા ગીતામાંથી લેવાયેલા છે. આ શ્લોક માત્ર યુદ્ધભૂમિનું જ વર્ણન કરતો નથી, પરંતુ તે જીવનના એક મહાન સફરની પણ વાત કરે છે - ગર્ભાવસ્થાથી ગીતા સુધીનો પ્રવાસ.

ગર્ભાવસ્થા એ શરીરનું ક્ષેત્ર છે, જ્યાં નવું જીવન ધીમે ધીમે આકાર લે છે. બીજ રોપાય છે, પોષાય છે અને એક અદ્ભુત વૃક્ષમાં વિકસે છે. આ શારીરિક પરિવર્તનની સાથે, માતા અને બાળક વચ્ચે એક અનન્ય લાગણીશીલ બંધ સ્થપાય છે. આ એક અનુભૂતિ આધારિત શિક્ષણ છે, જ્યાં જીવન પોતાની જાતને ઓળખવાનું શરૂ કરે છે.ગર્ભાવસ્થા એ બાળકના જીવનનો સૌથી મહત્વપૂર્ણ સમય છે. આ સમય દરમિયાન માતા જે ખોરાક લે છે, જે વાતાવરણમાં રહે છે અને જે વિચારો રાખે છે તે બધો બાળકના શારીરિક અને માનસિક વિકાસ પર અસર કરે છે. માતાએ આ સમય દરમિયાન શાંત, સકારાત્મક અને પ્રેમાળ વાતાવરણમાં રહેવાની જરૂર છે. તેણીએ કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર જેવા નકારાત્મક ગુણોથી દૂર રહેવું જોઈએ.

પછી આવે છે ગીતા, જ્ઞાનનું અમૃત. જ્યારે શારીરિક જીવન પરિપક્વ થાય છે, ત્યારે ગીતા આપણને આત્મજ્ઞાન અને જીવનના સાર સુધી પહોંચવા માટે માર્ગદર્શન આપે છે. તે કર્મ, ધર્મ અને મુક્તિ જેવા ખ્યાલો પર પ્રકાશ પાડે છે, જે આપણને આપણી જવાબદારીઓ સમજવામાં અને સંતુલિત, સાર્થક જીવન જીવવામાં મદદ કરે છે.

ગર્ભાવસ્થા અને ગીતા, જોકે પ્રથમ નજરમાં અલગ લાગે છે, તે માનવ અસ્તિત્વના સુંદર સંકલનનું પ્રતિનિધિત્વ કરે છે. એક અનુભવ આધારિત શિક્ષણથી શરૂ થઈને જ્ઞાન આધારિત દર્શન સુધી પહોંચતો આ પ્રવાસ જીવનના પરમ સત્યની શોધનો માર્ગ છે.

આગળના ભાગમાં, આપણે આ બે મહત્વપૂર્ણ તબક્કાઓનું વધુ ઊંડાણપૂર્વક અન્વેષણ કરીશું અને જોઈશું કે કેવી રીતે ગર્ભાવસ્થા અને ગીતા આપણને સમૃદ્ધ અને અર્થપૂર્ણ જીવન જીવવા માટે માર્ગદર્શન આપે છે.

માનવજીવન એક અમૂલ્ય ભેટ છે, અને આ ભેટને સુશીલ અને સદ્ગુણી બનાવવાની જવાબદારી દરેક માતા-પિતાની છે. ગર્ભાવસ્થાથી લઈને ગીતાના ઉપદેશો ગ્રહણ કરવા સુધી, આપણે બાળકને સારા ગુણો શીખવી શકીએ છીએ અને તેને એક સુશીલ સમાજનો સભ્ય બનાવી શકીએ છીએ.

### ગીતાના ઉપદેશો:

ગીતા એ હિંદુ ધર્મનો એક પવિત્ર ગ્રંથ છે જેમાં જીવનના તમામ પાસાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ગર્ભાવસ્થા દરમિયાન માતા ગીતાનો પાઠ કરીને પોતાના વિચારોને શુદ્ધ કરી શકે છે અને બાળકને સારા ગુણો શીખવી શકે છે.

### બાળપણ:

જન્મ પછી પણ માતા-પિતાએ બાળકને કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર જેવા ગુણોથી દૂર રાખવા માટે પ્રયત્ન કરવા જોઈએ. બાળકને સારા ગુણો શીખવવા માટે તેમણે તેને પ્રેમ, દયા, સહાનુભૂતિ અને ક્ષમા જેવા ગુણોનું ઉદાહરણ બેસાડવું જોઈએ.

કામ:કામ એ એક કુદરતી ગુણ છે, પરંતુ તેને નિયંત્રણમાં રાખવો જરૂરી છે. બાળકોને શીખવો કે કામનો ઉપયોગ સારા કાર્યો માટે થવો જોઈએ, નહીં કે ખરાબ કાર્યો માટે.

ક્રોધ:ક્રોધ એ એક વિનાશક ગુણ છે જે ઘણી સમસ્યાઓનું કારણ બની શકે છે. બાળકોને શીખવો કે ક્રોધને નિયંત્રણમાં રાખવો કેવી રીતે, અને ગુસ્સો વ્યક્ત કરવાની શાંતિપૂર્ણ રીતો શોધવી.

લોભ: લોભ એ એક સ્વાર્થી ગુણ છે જે બાળકોને અન્ય લોકોની કાળજી લેતા અટકાવે છે. બાળકોને શીખવો કે શેર કરવું અને અન્ય લોકોની મદદ કરવી કેવી રીતે.

મોહ: મોહ એ એક ભ્રામક ગુણ છે જે બાળકોને વાસ્તવિકતાથી દૂર રાખી શકે છે. બાળકોને શીખવો કે સાચું અને ખોટું શું છે તે કેવી રીતે ઓળખવું, અને યોગ્ય નિર્ણયો કેવી રીતે લેવા.

અહંકાર:અહંકાર એ એક ગર્વનો ગુણ છે જે બાળકોને અન્ય લોકોનો આદર કરતા અટકાવે છે. બાળકોને શીખવો કે નમ્ર અને વિનમ્ર બનવું કેવી રીતે, અને અન્ય લોકોનો આદર કરવો કેવી રીતે.

આ તમામ દુર્ગુણો થી દૂર રહેવા માટે એક માત્ર ઉકેલ છે સંયમ અને આ સંયમ નો સર્જન માતા ના ગર્ભ માંથી જ થાય છે. સંયમ એ માનવની આત્માની શક્તિઓને નિયંત્રિત કરવાનો માર્ગ છે. આપણે કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર જેવા દુર્ગુણોથી દૂર રહીને સંયમની માર્ગે ચાલીને આત્માની ઉન્નતિ માટે પ્રયાસ કરી શકીએ.

ભાગવત ગીતામાં સંયમની મહત્તા અને આત્માની નિયંત્રણની મહત્તા પર વિચાર કરવામાં આવ્યું છે. આપણે આત્માની શક્તિઓને સંયમથી નિયંત્રિત કરીને આત્માની ઉન્નતિ માટે સાધન બની શકીએ.

આપણે સંયમની માર્ગે ચાલીને આત્માની શક્તિઓને નિયંત્રિત કરીને આત્માની ઉન્નતિ માટે પ્રયાસ કરીએ, તો આપણે કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર જેવા ગુણોથી દૂર થઇ શકીયે છીએ.

મુખ્ય શિક્ષણો: ગીતા: કર્મ, ધર્મ, જ્ઞાન અને ભક્તિના માર્ગ પર ચાલીને જીવનના સંઘર્ષોને દૂર કરવા અને મુક્તિ પ્રાપ્ત કરવાનું જ્ઞાન.

માતા-પિતાએ એટલું ધ્યાન માં રાખવું જોઈએ કે એમનું સન્તાન જે આ દુનિયા માં જન્મ લેશે એ બીજું કોઈ નહીં પરંતુ એમનુંજ પ્રતિબિંબ છે માટે જેવો આચરણ માતા પિતા સ્વયં માં રાખશે એજ ચરિત્ર એમના સંતાન માં જોવા મળશે. માતા-પિતા ને ભગવત ગીતા નો અધ્યયન કરવો જોઈએ અને એકબીજા ને પરસ્પર સમજીને માનવીય મૂલ્યો જીવન માં કેળવવા જોઈએ.

## અંતિમ વિચાર:

**"ગર્ભ થી ગીતા સુધી" એક લાંબી અને ઊંડી યાત્રા છે જે આપણને જીવનના મહત્વ, પરિવર્તનો અને વિકાસ વિશે શીખવે છે. ગર્ભાવસ્થા એ નવા જીવનની શરૂઆતનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે ગીતા આપણને આપણા જીવનને શ્રેષ્ઠ રીતે કેવી રીતે જીવવી તેનું જ્ઞાન આપે છે. આ બંને અનુભવો જીવનના અભિન્ન અંગ છે અને આપણને આપણા અસ્તિત્વના અર્થ પર વિચાર કરવા અને વધુ સારા માનવ બનવા માટે પ્રેરે છે.**

# विज्ञान दिवस कविता 2024



**Vihan D. Patel**
Std-6 Eng.

बीते युग से निकल चुका है
मानव हर क्षेत्र मे आज
विज्ञान ने जो बिगुल बजाया
कई आविष्कार हुए आज |

जीवन को जो आसान बनाता
नियमों की जो दोड लगाकर
करता है नए - नए आविष्कार
यह कोई ओर नहीं भैया
इसके पीछे छिपा है विज्ञान |

हर मुश्किल को करता जो आसान
हैजा से लेकर कोरोना तक
हर लाइलाज बिमारी का इस पर इलाज है
सब कुछ संभव है आज
क्योंकि हर क्षेत्र में प्रगति कर रहा विज्ञान |

तरक्की की इस दुनियामें
विज्ञान का ही है सबक हाथ
संभालो इसे , चलो इसके साथ
करो सही उपयोग तो
विज्ञान है एक वरदान |
विज्ञान है एक वरदान ||



# સ્વામી વિવેકાનંદના કેળવણી વિષયક વિચારો



શ્રી એસ.જે.મહેતા
ઈ. આચાર્યશ્રી , એસ.કે.વી.વિદ્યાલય
વર્માનગર

(૧) "શિક્ષણ તમને માત્ર ભૌતિક રીતે જ સમૃધ્ધ બનાવે તેવું ન હોવું જોઈએ . તમારામાં માનવજગત અને તેના ઉત્થાન માટેની ભાવના જગાવે તે તેની અનિવાર્યતા છે."

(૨) " શિક્ષણના તમામ વિષયો , અભ્યાસક્રમ એવા હોવા જોઈએ જે આપણી પરંપરા , ઋષીમુનિઓએ કરેલા સંશોધનો , જ્ઞાનને યથાર્થ પુરવાર કરે. તમે નહીં કરો તો વખત જતાં તેવું આપોઆપ થવાનું જ છે. આપણું શિક્ષણ સૃષ્ટિના સર્જનહાર પ્રત્યે સદભાવ વધે તેવું હોવું જોઈએ. બૌધ્ધિક અને નાસ્તિકો સર્જવા માટેનું શિક્ષણ ન જ હોય શકે."

(૩) " મનુષ્યમાં પ્રથમથી જ રહેલી પૂર્ણતાનું પ્રગટીકરણ એટલે કેળવણી. જે અભ્યાસથી ઈચ્છાશકિતનો પ્રવાહ અને અભિવ્યકિત નિયંત્રણ હેઠળ લાવી શકાય તથા ફળદાયી બનાવી શકાય તે છે કેળવણી. માહિતી કે હકીકતોનો ઢગલો તેમાં ભરી દેવો તે કેળવણી નથી. સર્વ ઈન્દ્રિયોને સંપૂર્ણ રીતે કાર્યશીલ બનાવી પોતાના મનના પૂર્ણપણે માલિક બનવું તે કેળવણીનો આદર્શ છે."

(૪) " જીવીએ ત્યાં સુધી શીખીએ .. ઉત્તમ શિક્ષણનું ધ્યેય માનવીનો કે વ્યકિતનો સર્વાંગી વિકાસ છે .... જે માનવીને પોતાના પગ ઉપર ઊભો રહેતા શીખવે તે સાચી કેળવણી." ( સંકલન )

## National Science Day SLOGAN




***Diya D. Patel***
***Std-10 Eng.***

1. Science is the great antidote to the poison of enthusiasm and superstition.
2. Science is a reflection of truth it is the language of realism.
3. Science is simply a method of organizing our curiosity.
4. Science is a beautiful gift to humanity. We should not misuse it.
5. Science is a boon not a curse.
6. Science opens the door to development . It is a hope to any nation.
7. Science ia a best friend of human.
   Now a days it is the cause for living.
8. Wonder is the seed of science.

# શાળાની પ્રવૃત્તિઓ

## શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર પ્રતિભા













વિતાંક્ષા વી. રાઠોડ
ધોરણ-૩



**Abhirajsinh P. Sodha**
Std-9 Eng.



**Arjunsinh R. Sodha**
Std-9 Eng.

શાળાની વિદ્યાર્થીનીઓ
માટે ગુજરાત સરકાર દ્વારા
કાર્યક્રમ
"ગુડ ટચ - બેડ ટચ"









શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા નવનિર્મિત
રામ મંદિર
નિમિતે રજુ કરેલ અભિનય કૃતિ










## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી







# ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ નો વિદાય સમારંભ

